# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-01-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના યુવાનો નેશન ફર્સ્ટનો મંત્ર અપનાવશે તો ભારતનો વિકાસ સતત થતો રહેશે.
2. સાબરકાંઠા જિલ્લામાં HMP વાઇરસનો પ્રથમ કેસ નોંધાયો – પ્રાંતિજમાં 8 વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ
3. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી બી એલ વર્મા આજે વડોદરામાં દિવ્ય કળા મેળાનું ઉદઘાટન કરશે
4. ભરૂચ જિલ્લાના નેત્રંગના વિદ્યાર્થીને વારલી પેઇન્ટિંગ આર્ટમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું
5. રાજ્યનાં અનેક શહેરોમાં લઘુતમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો ઘટાડોઃ નલિયામાં 3.4 ડિગ્રી તાપમાન નોંધાયું

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM ABVP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના યુવાનો નેશન ફર્સ્ટનો મંત્ર અપનાવશે તો ભારતનો વિકાસ સતત થતો રહેશે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ-ABVP ગુજરાત પ્રદેશના ૫૬મા અધિવેશન સમારોહમાં સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ભૂમિકા ખૂબ મહત્વની રહેશે.

તેમણે જણાવ્યું કે, દેશાં યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટ અપ, એજ્યુકેશન, સ્પોર્ટસ અને ઇનોવેશનને પ્રોત્સાહન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# Tapi Republic Day

રાજયકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણી તાપી જિલ્લાના વ્યારા ખાતે કરાશે. 25મી જાન્યુઆરીએ વ્યારા ખાતે એટ હોમ કાર્યક્રમ અને બાજીપુરા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જેને લઈને તૈયારીઓના ભાગરૂપે ગઇકાલે સચિવ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# SABARKANTHA - HMPV

સાબરકાંઠા જિલ્લામાં HMP વાઇરસનો પ્રથમ કેસ નોંધાયો છે. બુધવારે પ્રાંતિજ તાલુકાના લીંબલા ગામના આઠ વર્ષનો બાળક ત્રણ દિવસથી બિમાર હોવાથી સારવાર માટે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની તબિયત વધુ ગંભીર જણાતા લેબ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસમાં HMP વાઇરસ પોઝિટિવ માલુમ પડ્યો હતો.

આ બાળકનાં સેમ્પલ વધુ પરિક્ષણ માટે ગાંધીનગરની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# Pravasi Bhartiya Divas

આજે ‘‘પ્રવાસી ભારતીય દિવસ’’ છે. આ વર્ષે ૧૮મું ‘પ્રવાસી ભારતીય દિવસ સંમેલન’ ઓડિશાના ભુવનેશ્વર ખાતે ગઈ કાલથી શરૂ થયું છે, જેની વિષયવસ્તુ છે, ‘‘વિકસિત ભારતની સંકલ્પનામાં પ્રવાસી ભારતીયોનું યોગદાન.’’

પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલ......

**(VOICE CAST ANIL PATEL PRAVASI BHARTIY DIVAS)**

. . . . . . . . . . . . .

# Divy Kala Mela

23મા દિવ્ય કલા મેળાનો આજથી વડોદરાના અકોટા સ્ટેડિયમ ખાતે પ્રારંભ થશે. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી બી.એલ.વર્મા આ મેળાનું ઉદ્દઘાટન કરશે. મેળામાં 20 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 100 દિવ્યાંગ કારીગરો, કલાકારો અને ઉદ્યોગસાહસિકો વિવિધ ઉત્પાદનો અને સાંસ્કૃતિક વિવિધતા પ્રદર્શિત કરશે. જેમાં ગૃહ સુશોભનની ચીજ વસ્તુઓ, કપડાં, સ્ટેશનરી અને પર્યાવરણ અનુકૂળ ઉત્પાદનો અને જ્વેલરી સહિતના ઉત્પાદનો હશે.

'વોકલ ફોર લોકલ' અભિયાનના ભાગરૂપે આ મેળાનું આયોજન રાષ્ટ્રીય દિવ્યાંગજન નાણાં અને વિકાસ કોર્પોરેશન દ્વારા કરાયું છે. 19 જાન્યુઆરી સુધી ચાલનારા આ મેળામાં દેશના વિવિધ ભાગોમાંથી દિવ્યાંગ કલાકારો દ્વારા 'દિવ્ય કલા શક્તિ' નામનો વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# NARMADA ST COMMITTEE VISIT

વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ 3 દિવસના દક્ષિણ ગુજરાતના પ્રવાસે છે. જેમાં સમિતિએ નર્મદા જિલ્લાની મુલાકાતે લીધી હતી. ધારાસભ્ય અભેસિંગ તડવીના અધ્યક્ષ પદે આ સમિતિએ કરજણ ડેમ, નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. આ અંગે ધારાસભ્ય ડો.દર્શના દેશમુખે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ - ડો.દર્શનાબેન દેશમુખ, ધારાસભ્ય, નાંદેદ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# MAHA KUMBH SPECIAL TRAIN

મહાકુંભમાં જતા પ્રવાસીઓનાં ધસારાને ધ્યાનમાં રાખીને રેલવે સાબરમતી-લખનૌ અને ભાવનગરથી લખનૌ વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે. આ ટ્રેન 10 જાન્યુઆરીએ સાબરમતીથી રાત્રે 10-55 કલાકે ઉપડીને બીજા દિવસે રાત્રે નવ કલાકે લખનઉ પહોંચશે.

અન્ય ટ્રેન ભાવનગરથી 11 જાન્યુઆરીએ રાત્રે 9-45 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ચાર વાગે લખનઉ પહોંચશે. આ ટ્રેનમાં 20 સ્લિપર અને 2 સામાન્ય કોચ રહેશે.

દરમિયાન, ઉત્તર ભારતમાં હાલ ભારે ધુમ્મસની સ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદની ત્રણ સાપ્તાહિક ટ્રેનના ફેરા રદ કર્યા છે. અમદાવાદ-દરભંગા-અમદાવાદ ટ્રેન, ગાંધીધામ-ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક ટ્રેન 10 જાન્યુઆરીથી 24 ફેબ્રુઆરી સુધી રદ રહેશે, જ્યારે અમદાવાદ-પટણા-અમદાવાદ સાપ્તાહિક ટ્રેન 15 જાન્યુઆરીથી 28 ફેબ્રુઆરી સુધી રદ રહેશે.

. . . . . . . . . . . . .

# Demolision

રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત ગઇકાલે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ભેટાળીથી કોડિદ્રા ગામને જોડતો ૭૩૦ મીટર સુધીનો રસ્તો ખુલ્લો કરાવી રસ્તાના બંને બાજુના હદ નિશાન નાંખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તેવી જ રીતે જામનગરમાં જુના રેલવે સ્ટેશન પાસે ગેરકાયદે બાંધકામ કરવામાં આવેલી ૧૨ દુકાનોને મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવી હતી. આ કામગીરીને પગલે પહજાર ૫૦૦ ચોરસ ફૂટ જગ્યા ખૂલ્લી થઈ છે.

. . . . . . . . . . . . .

# POLICE RECRUITMENT

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ દળમાં PSI અને લોકરક્ષકની 12 હજારથી વધુ જગ્યાઓ ભરવા માટેની શારીરિક કસોટીનો ગઇકાલથી પ્રારંભ થયો છે. રાજ્યના 15 ગ્રાઉન્ડ ખાતે આ પરીક્ષા યોજાઇ રહી છે. જેમાં 4 ગ્રાઉન્ડ ફક્ત મહિલા ઉમેદવારો માટે રાખવામાં આવ્યા છે. પ્રથમ દિવસે 10 હજાર ઉમેદવારનો શારીરિક કસોટી માટે બોલવવામાં આવ્યા હતા.

તમામ ગ્રાઉન્ડ પરનું મોનીટરીંગ થઇ શકે તે માટે ગાંધીનગર ખાતે સેન્ટ્રલ કંટ્રોલરૂપ બનાવાયો છે.

. . . . . . . . . . . . .

# KANSA KHEDUT MANDALI VISNAGAR

**નેશનલ કો.ઓપ. ડેવલોપમેન્ટ કોર્પોરેશન, નવી દિલ્હી તથા નાબાર્ડનાં સહયોગથી દેશના ખેડૂતો સાથે પગભર થવા વિસનગર તાલુકાના ખેડૂતો દ્વારા શ્રી કાંસા ખેડૂત ઉત્પાદક સહકારી મંડળીની નોંધણી કરવામાં આવી છે.**

**ખેડૂતોની આ સંસ્થાનો ઉદ્ઘાટન કાર્યક્રમ ગઈ કાલે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ તેમજ કૃષિમંત્રી રાઘવજી પટેલ તેમજ ઇફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સંસ્થા માં કુલ 460 ખેડૂત જોડાયેલા છે.**

**નાબાર્ડના ,ડી.ડી.એમ રાહુલ પાટીલે જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ખેડૂતોના સંગઠનને એકત્ર કરી દેશમાં 10,000 જેટલા FPO બનાવવાનો**

**સરકારનો લક્ષ્ય છે, ત્યારે એક સહકારી અને એક કંપની એમ બે એફપીઓનું કાંસા ખાતે ઉદઘાટન કરવામાં આવ્યું.**

**આ પ્રસંગે ઇફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ વધુમાં આ મુજબ જણાવ્યુઃ**

**(BYTE - Dilip sanghani)**

. . . . . . . . . . . . .

# Varli Painting

ભરૂચ જિલ્લાનાં નેત્રંગના વિદ્યાર્થીને વારલી પેઇન્ટિંગ આર્ટમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. જેમાં નેત્રંગ તાલુકા મથકે ચાલતા બેસ્ટ ડ્રોઈંગ ક્લાસમાં તાલીમ લઈ રહેલા વિદ્યાર્થી વૈષ્ણવ ક્રિશ રાજુદાશે વારલી આર્ટને નવાં અવતારમાં રજૂ કરીને વર્લ્ડ બુક રેકોર્ડમાં પોતાનું નામ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.

અમારા ભરૂચ જિલ્લાનાં પ્રતિનિધિ વાહીદ મશહિદી જણાવે છે કે, વારલી પેન્ટીંગ ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં જોવા મળે છે. વારલી સમાજ દ્વારા શોધાયેલી આ ચિત્રકળામાં જીવનના વિવિધ પ્રસંગોને ખાસ પ્રકારના ચિત્રો થકી દિવાલ પર અંકિત કરવાની કળાને વારલી પેન્ટીંગનું નામ અપાયું છે.

. . . . . . . . . . . . .

# WEATHER

ઉત્તર ભારતમાં બરફવર્ષા અને ઠંડા પવનોની અસર ગુજરાતમાં વર્તાઇ રહી છે. રાજ્યનાં અનેક શહેરોમાં ગઈ કાલે લઘુતમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો ઘટાડો થયો હતો.

ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી 10 થી 14 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવનનો ફૂંકાઈ રહ્યા છે જેને કારણે ઠંડા પવનો થી વધુ માત્રામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત રાજ્યમાં આ સિઝનનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. ભુજમાં 9.2 ડિગ્રી અને ડીસા ખાતે 8.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ભાવનગર શહેરમાં લઘુતમ તાપમાન એક ડિગ્રી ઘટીને 12.6 ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ 37% રહ્યું હતું જ્યારે પવનની ઝડપ 14 કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે હજુ 24 કલાક ઠંડીનો ચમકારો અનુભવાશે ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

. . . . . . . . . . . . .